**પ્રેસનોટ** **તા.૦૩/૦૧/૨૦૧૨.**

# *રાજ્યસભાના સભ્ય સ્મૃતિ ઈરાની સાથે હાઉસ ઓફ લોર્ડઝના મંત્રી બેરોનેશ સંદિપ વર્માની મુલાકાત*

ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાતના રાજયસભાના સભ્ય શ્રીમતી સ્મૃતિ જુબીન ઇરાની અને હાઉસ ઓફ લોર્ડસ સરકારના મુખ્ય દંડક અને ઉચ્ચ શિક્ષણ, મહિલા અને સમાનતાના મંત્રી શ્રી બેરોનેશ સંદિપ વર્મા વચ્ચે દિલ્હીના ગુજરાત ભવન ખાતે મહત્વની બેઠક યોજાઇ હતી.

સ્મૃતિ ઇરાની અને બેરોનેશ સંદિપ વર્મા વચ્ચેની વાતચીતમાં તેઓશ્રીએ ગુજરાતની સરકારના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણ માટેના પ્રયાસો, કન્યા કેળવણીના પ્રયાસો અને આરોગ્યના ક્ષેત્રે થઇ રહેલા કાર્યો તેમજ નીતિઓની પ્રસંશા કરી હતી. શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ ગુજરાત સરકારની સિદ્ધીઓ તેમજ સમરસ ગ્રામ પંચાયત જે પૈકી ૨૬૧ મહિલા સરપંચની બિનહરીફ વરણી થઇ તેને તેઓની સમક્ષ રજૂ કરી હતી.

શ્રીમતી સ્મૃતિ ઇરાની સાથેની વાતચીતમાં બેરોનેશે જણાવ્યું હતુ કે જ્યારે અમે યુનાઇટેડ કિંગ્ડમમાં પ્રવચન કરીએ છીએ ત્યારે ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણ માટેના થયેલા પ્રયાસો અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વનો ઉલ્લેખ કરીએ છીએ. શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ શ્રી બેરોનેશને પોતાના પ્રતિનિધી મંડળ સાથે મિશન મંગલમ્ અને ચિરંજીવી યોજના તેમજ મહિલા કલ્યાણના થઇ રહેલા કાર્યોની માહિતી મેળવવા ગુજરાત પધારવા આમંત્રણ પણ આપ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ "Convenient action - Gujarat's response to climate change" નામનું મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લખેલ પુસ્તક હાઉસ ઓફ લોર્ડઝના મંત્રી બેરોનેશ સંદિપ વર્માને ભેટ આપ્યું હતું.

**(ડૉ. જગદીશ ભાવસાર)**
**કન્વીનર - મીડીયા સેલ**